શ્રી [illegible] નમઃ

શ્રી

ગ ચંદ્રોદય ચિત્ર કથા દર્શન

ભાગ ૧

કુંવરચંદ ઝવેરદાસ શાહ

[illegible] નડિઆદ

છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાક્તર છોટાલાલ ઝવેરદાસ

પંચહાટડી, નડિઆદ

આવૃત્તિ ૧લી પ્રત ૧૦૦૦ સંવત ૧૯૭૫

મૂલ્ય ૦-૧-૦

॥ श्रीगणेशाय नमः ॥

श्री

कृष्ण चंद्रोदय चित्र कथा दर्शन

રચનાર

ફુલચંદ ઝવેરદાસ શાહ

ચોરાપોળ નડીઆદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાકતર હરીલાલ ઝવેરદાસ.

પંચકુઈ નડીઆદ.

આવૃતી ૧લી પ્રત ૧૦૦૦ સને ૧૯૧૫

મુલ્ય ૦-૧-૦

॥ શ્રી કૃષ્ણ શરણં મમ ॥

મુંગા તે બોલતા થાતા અપંગો પર્વતે ચઢે
પરમાનંદના દાતા પ્રભુ કેરી કૃપા વડે

પંચ પુષ્પ સંપુટ ત્રિપુટી રૂપ વાસ રંગ ભુમીપર આવે
રખવાળો માળી બનીયા ભલભલા લોકને ભરમાવે
શ્રીમદ્ભાગવત સુધાસાર રત્નાકરમાં ડુબકી મારી
મૌક્તિક જે મુઠીમાં આવ્યાં માળા ગુંથવા તેની ધારી
અમૂલ્ય એ મૌક્તિકને મમ જડ સાધન શારડિયે શારી
બાળો જ્ઞાન સુવર્ણ પરોવી આંકડીઓ અંતે વાળી
કૃષ્ણ કૃપાથી રચી મન કલ્પિત ચિત્રકથા દર્શન માળા
સમાજની સેવામાં મૂકે ચિત્રકાર નટપુરવાળા.

શ્રી ગણેશાય નમ:

શ્રી

કૃષ્ણ ચંદ્રોદય ચિત્રકથા દર્શન.

મંગળાચરણ

શ્રી ગૌરી સુત સ્વામી રિદ્ધ સિધ્ધના
વિધ્નો સઉનાં હરે
પ્રારભે શુભ નામ જેનુ સઉમાં
માંગલ્ય કારી ખરે
પૂરીને મન કામના સઉ પરે
દ્રષ્ટી દયાની કરે
ગાવા નદન નદનાં ચરિતને
આનંદ ઊરે ભરે.

ચિત્ર પટ ૧ લુ

થયો ધર્મનો લોપ પૃથ્વી સઉ પાપ કર્મથી પૂર્ણ ભરી
બ્રહ્મા પાસે આવ્યાં દેવી વસુધરા ગૌરૂપ ધરી
ચંદ્ર સુરજ બે રાત દિવસના સાક્ષી તે પણ સાખપુરે
સુણી હકીકત પ્રજા પતિને અધિક ચિંતા થાય ઉરે

જીવોથી થાયછે જે જે પાપો છાનાં અરે બહુ
સૂર્યને ચંદ્રમા બન્ને સાક્ષી રૂપે જુવે સહુ

ચિત્ર પટ ૨ જું

ઇંદ્રાદિક અમર પુર વાસી ત્રિપુરારિને સાથ લઇ
ક્ષિર સાગરને તીરે આવ્યા જ્યાં પોઢયા જગદીશ જઈ
આજ્ઞા શ્રી અંતરયામીની માત્ર પ્રજા પતિ શ્રવણ કરે
દેવો સઘળા યાદવ રૂપે જઇ મથુરામાં જન્મ ધરે

ઉદ્ધારનો અરે જ્યારે માર્ગ એકકે રહયો નહીં
અંશ રૂપે ધરે દેવો જન્મ પથ્વી વિષે સહી

ચિત્ર પટ ૩ જુ

મહા મનોહર મથુરાં નગરી ઉગ્રસેનનું રાજ્ય જહાં
કાળ યવનનો જન્મ થયોછે કસ રૂપે રાજાને ત્યા
દેવ લોક પામ્યા લઘુ બધુ મુકી એક કુવરી ન્હાની
વિવાહનું મહુરત પુછાવે કન્યા કાળ થયો જાણી

--

રાજસી ભાવ જ્યા વાધે ભાવ સાત્વિક ત્યા નાડી
રહી જે શુક્ષ્મના તેનું લગ્ન થાવુ ઘટે કહ્યું

ચિત્ર પટ ૪ થુ

વર લાયક વસુદેવ જડ્યા યાદવનાં ઘર છપ્પન કોટી
પરણાવ્યાં શ્રી દેવકીજીને દઇ પહેરામણીઓ મોટી
આશિષ ગર્ગાચાર્ય આપતા ગીત મગળ ગાએ નારી
સાજન સાથે વર કન્યાને વળાવવાની તૈયારી

સંસ્કારોમાં રૂડા સૌથી સંસ્કાર બ્રહ્મજ્ઞાનના
સુક્ષ્મતા જ્યાં વરે તેને રહેના કાંઇ ત્યા મણા

ચિત્ર પટ ૫મુ

વર કન્યા રથમાં પધરાવ્યાં આગળ બેઠો કંસ ચઢી
બન્યો સારથી રૂડું મનવવા અશ્વ તાણી રાશો પકડી
તો ક્રિયો ત્યાં મેઘનાદ સમ શબ્દ થયો આકાશ મહી
દેવકી કેરો પુત્ર આઠમો તને મારશે પ્રગટ થઇ

જ્ઞાનને સુક્ષ્મતા કેરો સારથી ગર્વ શું બને
સતાનો શુક્ષ્મ વૃત્તીનાં ઉદ્ભવી તેહને હણે

ચિત્ર પટ ૬ઠુ

સુણીને વાણી રાજ તાણી ગ્રહી કેશ હણવા ધાયો
વસુદેવજી વચમાં પડિઆ ઝટ પાપીનો કર સાહયો
બાળક આઠે સ્વાધિન કરવાં કંસ રાયની પાસ જઇ
દેવકીજીને મુક્ત કરાવ્યાં શ્રી વસુદેવે વચન દઇ

ગર્વના નાશનું બીજ સુક્ષ્મતા દેવકી ઠરી
હણાતી ગર્વને હાથે મુક્ત થૈ જ્ઞાનથી કરી

ચિત્ર પટ ૭મુ

કુર કંસ રાજા થઈ બેઠો વૃદ્ધ તાતને કેદ કરી
દેવ વાણીના ડરથી દુષ્ટે દાનવ કેરી સભા ભરી
અઘ બગ ચાણુંરને નરકાસુર મધુ કેશી સાથે મળિયા
લખ્યા લલાટે લેખ કંસના નવ ટાળ્યા ક્રોથી ટળિયા

અહંકાર બહુ ભુંડો સારાસાર જુએ નહીં
કરાવી નીચ કામોને પાડેછે નર્કમાં સહી

ચિત્ર પટ ૮ હું

વિતી ગયા કૈં માસ દૈવની આશ મહીં કૈં કાળ ગયો
ધર્મરૂપ અવતાર મનાતા કીર્તિમાનનો જન્મ થયો
કંસરાયને સ્વાધિન કરવા વસુદેવ બાળક માગે
દેતાં દેવકીના કર કંપે અંતરમાં વસમુ લાગે

જ્ઞાનને સુક્ષ્મવૃત્તીનો મેળ જ્યારે પુરો મળે
ધર્મ ત્યાં ઉદ્‌ભવે ત્યારે શંકા એથી બધી ટળે

ચિત્ર પટ ૯ મુ

વચન સત્ય વસુદેવે પાળ્યું પુત્ર તણી મુકી માયા
બાળકને ખોળામાં ઘાલી કંસ પાસ પોતે આવ્યા
પાપી બોલ્યો પુત્ર આઠમો શત્રુ એકજ છે મ્હારો
શાને કાજે હણી સર્વને બાંધુ પાપ તણો ભારો

જ્ઞાન જ્યાં ગર્વની પાસે આવેછે ધર્મને લઇ
અવજ્ઞા તે કરે પ્હેલી ધર્મને ઓળખે નહી

ચિત્ર પટ ૧૦ મુ

કરે ધર્મનો વિનાશ તેનો વિનાશ વ્હેલો થાય સહી
એમ જાણી મુની નારદ આવ્યા કંસ તણા દરબાર મહી
કહ્યુ દેવકીના બાળકને મુકે જીવતું શા સારૂ
દેવ રૂપ યાદવછે સઘળા નથી કોઇ અંહિયાં ન્હારૂ

સંરક્ષા ધર્મની થાતાં નાશછે ગર્વનો સહી
એવી સંસ્કારિ બુદ્ધિથી ગર્વને પ્રેરણા થઇ

ચિત્ર પટ ૧૧ મુ

અનુચરો પાછળ દોડાવ્યા તે સૌને લાવ્યા તેડી
કસે બેન બનેવીના પગમાં નખાવીછે બેડી
ઉંધી શીખામણ નારદજીએ ઉંધાને એવી આપી
બાળ ધર્મના પગ ઝાલીને પથ્થર પર પટકે પાપી

જ્ઞાનને સુક્ષ્મ વૃ-તીને ડરાવ્યાથી નહી ડરે
પોતાના નાશને માટે ધર્મનો નાશ તે કરે

ચિત્ર પટ ૧૨ મુ

દેવ રૂપ ખટ બાલ હણાયાં જાણીને અંતરજામી
શેષ નાગની પાસ પધાર્યા ચઢી ગરૂડે જગના સ્વામી
સહસ્ત્ર મુખે રામ રટેછે ધરા ફેણા ઉપર ધારી
જઇ ધરવા અવતાર સાતમો આજ્ઞા કરતા ક સારી

જ્ઞાંન ને સુક્ષ્મ વૃ-તી જ્યાં બંધીખાને પડયાં જઇ
શોષવા ઝેરનું ઝેર શેષને મોકલ્યા સહી

ચિત્ર પટ ૧૩ મુ

અશ રૂપે શ્રી અનત આવ્યા દેવકીજીના ઉદર મહી
સતી તણા મુખ તેજ પડે રહ્યુ તેજ તેજ ચોમેર થઈ
કંસ આવીયો કારાગ્રહમાં અનુચરોને સાથ લઇ
દેવકીનો વધ કરવા ધારે પણ સામું જોવાય નહી

ગર્વ જે કર્મ ચડાળ ગમેતે મુખથી બકે
તેજસ્વી રૂપ દેવોનું પાપી તે જોઇ નાશકે

ચિત્ર પટ ૧૪ મુ

પ્રભુએ માયા દેવીને કહ્યું દેવકીજીનું દુખ હરો
ગોકુળમાં જઇ શ્રી યશોદાજીને પેટે અવતાર ધરો
દેવકી કેરા ઉદરમાંહ્યથી ગર્ભ અનંત તણો કાઢી
રોહીણીજીને ઉદરે મુકો એ બલરામ તણી માડી

આત્મારામ અવિનાશી ગર્વનો નાશ આદરે
માયાને મોકલ્યાં પ્હેલાં સર્વને ગાભરાં કરે

ચિત્ર પટ ૧૫ મું

કૃષ્ણ પક્ષ શ્રાવણ મહીનાનું આઠમની મધરાત વિષે
કૃષ્ણચંદ્ર પુરૂષોત્તમ પ્રગટયા પ્રથમ ચતુર્ભુજ રૂપ દીસે
માત તાતનાં બંધન છુટયાં તુટી પડી નીચે બેડી
દર્શન જેનાં જન્મ જન્મનાં બંધન સૌ નાંખે ફેડી

જીવાડે જીવને એવો આત્માનો અંશ જે કહયો
બીજમા ઉતરી કેવો જીવાડે વિશ્વને અહો

ચિત્ર પટ ૧૬ મુ

કરી પ્રેરણા લઈ જવાનો નંદ ઘેર ગોકુળ ગામે
તેથી ચાલ્યા વસુદેવજી ત્યાંથી પોતાને કામે
હાથ માંહી પ્રભુને પધરાવી દ્વાર સમીપ આવ્યા જયાંહી
કમાડ આપે ખુલી ગયાં ચોકીવાળા ઉંઘે ત્યાંહી

સ્થુળ જે દેહનું રૂપ નામ ગોકુલ તે ઠરે
જાણે ના કોઇ શી રીતે આત્માને દેહમા ધરે

ચિત્ર પટ ૧૭ મુ

એક તીરેછે મથુરા નગરી સામુ ગોકુળ ગામ વસે
વચ્ચે શ્રી યમુનાંજી કેરો ગભીર પૂર પ્રવાહ દીસે
વસુદેવજી જળમાં પડિયા કમરસમાં આવ્યાં પાણી
પાછળ ફણીધર છત્ર ધરે નવ વાત વસુદેવ જાણી

સુક્ષ્મમાં સુક્ષ્મ બુદ્ધિ તે યમુનાજી જણાયછે
જ્ઞાનના યોગથી આત્મા ઓળગી પાર જાયછે

ચિત્ર પટ ૧૮ મુ

જેમ જેમ આગળ જળમાં વસુદેવે માંડયુ ઉતરવા
તેમ તેમ જળ ઉંચાં ચઢીયાં ચરણ સ્પર્શ પ્રભુનો કરવા
અંતરની ગત જાણી પ્રભુએ ચરણ સહજ લાંબો કીધો
અડતાં જળ સ્થંભ્યાં જમનાનાં વસુદેવને માર્ગ દીધો

બુદ્ધિજે જ્ઞાનના યોગે ઉછાળા ખુબ મારતી
આત્માના સ્પર્શથી અંતે શાંત પુરી થઇ જતી;

ચિત્ર પટ ૧૯ મુ

ઉઘી ગયાછે ગોપ સકલ ગોકુળ સુનૃ સુનુ લાગે
માયાએ ઘેરણ મુક્યુ નવ જી। અન્ય કોઇ જાગે
દીઠાં સઘળે દ્વાર ઉઘાડાં મદીર માંહી પ્રવેશ કર્યો
નંદ ઘેર પ્રભુને લઇ આવ્યા જ્યાં માયાએ જન્મ ધર્યો

માયાની જાળછે મોટી કોણ એમે શકે ફળી
આત્માનાં જ્ઞાનના યોગે બધનો જાયછે ટળી

ચિત્ર પટ ૨૦ ॥

પ્રભુને ત્યાં પધરાવી બદલે માયા શક્તિને લાવ્યા
આપે દ્વાર ભિડાયાં પછાં હતા ત્યાંહી પોતે આવ્યા
ચોકીવાળા કાંઇ ન જાણે સમય જેહ ઉંઘ માંહી ગયો
માયાએ રૂદન આરંભ્યું જાગ્યા શોર બકોર થયો

આત્માને દેહમાં સ્થાપી માયાને લાવિયા જહાં
હતુ તેવું થયું પાછુ સુક્ષ્મતા જ્ઞાનનું તહાં

ચિત્ર પટ ૨૧ મું

ક્રુર કંસને બીક બહુ લાગે વારવાર ઝબકી જાગે
દિધા હાથ લમણે જાણે શત્રુ પ્રગટી લમણા ભાગે
ઘેન માંહી અડધા અથડાતા ચોકીવાળા ત્યાં આવ્યા
જગ માયાના જન્મ થયાના સમાચાર સાથે લાવ્યા

મોત જેનું ભમે માથે ચેન તેને નહી પડે
ચિંતાથી ચિંતવે તેતો દ્રષ્ટીએ આવીને ચઢે

ચિત્ર પટ૨૨ મુ

ઉઠી દોડતો કંસ આવીઓ પ્રગટ થયો શત્રુજાણી
પગ ઝાલીને ગયો પટકવા રીસ બહુ મનમાં આણી
છટકી માયા બોલ્યાં મુખથી અષ્ટ ભુજા રૂપે વાણી
શત્રુ ત્હારો પ્રગટ થયોછે ઉતરશે ત્હારૂ પાણી

અનાદિ શક્તિ છે માયા નાશ એનો અરે નહી
શુદ્ધાત્મા રામને હાથે ગર્વનો નાશછે સહી.

ચિત્ર પટ ૨૩ મુ

પારણે પારણે જશોદા માત લાલને ઝુલાવે
ગોપીજન ભેટો લઇ પ્રભુનાં મુખ દર્શન માટે આવે
ઉડી ગયા માયા આકાશે જાખ મારીને કંસ રહયો
કૃષ્ણચંદ્ર પ્રગટયા ગોકુલમાં નંદ ઘેર આનંદ થયો.

બ્રહ્માનંદ તણુ રૂપ નંદ સાક્ષાત જાણુવા
આત્મારામ ઝુલે ત્યાંહી આત્માનું સુખ માણુવા.

પુષ્પાંજલી

જેની કૃપા ઉદારતા વડે કરીને મોક્ષ દ્વાર રૂપ મનુષ્ય-
જન્મ મળ્યો, એ પ્રભુના ચરણ કમળમા પ્રણામ.
જે ગુરૂદેવે જ્ઞાનદાન દઇને આત્મોન્નતિ ના માર્ગ
દર્શાવ્યો એ ગુરૂ દેવના ચરણ કમલમા પ્રણામ.
જે માતા પિતાએ જન્મ આપી યથા વિધી પાલન
પોષણ કર્યું એ માતા પિતાના ચરણકમલમા પ્રણામ.

આ ચોપડી ધી શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમા રા. છ. [illegible]વન
અમરશીએ છાપી-નડીઆદ સાંથપીપળી